


પત્રાંક—૧૯૫

મુંબઈ, પોષ, ૧૯૪૭

સત્સ્વરૂપને અભેદરૂપે અનન્ય ભક્તિએ નમસ્કાર

માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે, તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે :

'અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી? અને તે શું કરવાથી થાય?'

આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે; અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના, તેને માટે દૃઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી; પૂર્વે થયું નથી; અને ભવિષ્યકાળે પણ નહીં થશે. અમે તો એમ જાણ્યું છે. માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું જાણવું શું ? તે જણાય છે.

પત્રાંક—૧૯૬

મુંબઈ, માહ સુદ ૭, રવિ, ૧૯૪૭

મુ—પણે રહેવું પડે છે એવા જિજ્ઞાસુ,

જીવને બે મોટાં બંધન છે : એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. સ્વચ્છંદ ટાળવાની ઈચ્છા જેની છે, તેણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ; અને પ્રતિબંધ ટાળવાની ઈચ્છા જેની છે, તેણે સર્વસંગથી ત્યાગી થવું જોઈએ. આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી. સ્વચ્છંદ જેનો છેદાયો છે તેને જે પ્રતિબંધ છે, તે અવસર પ્રાપ્ત થયે નાશ પામે છે. આટલી શિક્ષા સ્મરણ કરવારૂપ છે.

વ્યાખ્યાન કરવું પડે તો કરવું; પણ આ કર્ત્તવ્યની હજુ મારી યોગ્યતા નથી અને આ મને પ્રતિબંધ છે, એમ સમજતાં જતાં ઉદાસીન ભાવે કરવું. ન કરવા માટે જેટલા સામાને રુચિકર અને યોગ્ય પ્રયત્ન થાય તેટલા કરવા, અને તેમ છતાંય જ્યારે કરવું પડે તો ઉપર પ્રમાણે ઉદાસીન ભાવ સમજીને કરવું.

પત્રાંક—૧૯૭

મુંબઈ, માહ સુદ ૯, મંગળ, ૧૯૪૭

આપનું આનંદરૂપ પત્ર મળ્યું. તેવા પત્રનાં દર્શનની તૃષા વધારે છે.

જ્ઞાનના 'પરોક્ષ-અપરોક્ષ' વિષે પત્રથી લખી શકાય તેમ નથી; પણ સુધાની ધારા પછીનાં કેલાંક દર્શન થયાં છે અને જો અસંગતાની સાથે અપનો સત્સંગ હોય તો છેવટનું પરિપૂર્ણ પ્રકાશે તેમ છે; કારણ કે તે ઘણું કરીને સર્વ પ્રકારે જાણ્યું છે. અને તે જ વાટ તેનાં દર્શનની છે; આ ઉપાધિયોગમાં એ દર્શન ભગવત્ થવા દેશે નહિ, એમ તે મને પ્રેરે છે; માટે એકાંતવાસીપણે જ્યારે થવાશે ત્યારે ચાહીને ભગવતે રાખેલો પડદો એક થોડા પ્રયત્નમાં ટળી જશે. આટલા ખુલાસા સિવાય બીજો પત્ર વાટે ન કરી શકાય.

હાલમાં આપના સમાગમ વિના આનંદનો રોધ છે.

વિ. આજ્ઞાંકિત

(અનુસંધાન પાના નં.૧૯ પર...)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૫૯, વર્ષ–૨૪, જૂન–૨૦૧૯

## અષાઢ સુદ ૧૪, શુક્રવાર, તા.૧–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૬૪, પ્રવચન–૨૩

હવે **'ગૃહસ્થ હોય કે મુનિ બન્નેને માટે આત્મ લીનતા સિદ્ધિના સુખનો ઉપાય છે.'** હવે આવી ગાથા. અત્યારે કોઈ કહે છે ને કે, ગૃહસ્થાશ્રમમાં આત્માનું ધ્યાન, જ્ઞાન ન હોય, આઠમે હોય.

**सागारु वि णागारु कुविं जो अप्पाणि वसेइ।**
**सो लहु पावइ सिद्धि–सुहु जिणवरु एम भणेइ।।६५।।**

જિનવર સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ધર્મસભામાં સો ઈન્દ્રની હાજરીમાં ભગવાનની વાણીમાં એમ હુકમ આવ્યો, એમ સંદેશ આવ્યો (કે), ગૃહસ્થાશ્રમમાં રહેલા કુટુંબમાં પડ્યા છતાં એ આત્માનું અંતરમાં જ્ઞાન, દર્શન કરીને વસી શકે છે. સમજાણું કાંઈ?

**'ગૃહસ્થ હોય કે મુનિ કોઈ પણ હોય જે પોતાના આત્માની અંદર વાસ કરે છે...'** આ તો 'યોગીન્દ્રદેવ' કહે છે. ભગવાનની સાક્ષી (આપે છે). ઓલો કહે છે, ભગવાનની સાક્ષીએ આમ કહે છે. આહાહા..! ભગવાન પરમેશ્વર સર્વજ્ઞદેવ જિનવર એમ કહે છે ને, ભાઈ! વીતરાગના બિંબ જેણે પૂર્ણાનંદના પ્રગટ કર્યા છે એને ઈચ્છા વિના વાણીમાં એમ આવ્યું છે ને કે, ગૃહસ્થ પણ પાંચમા ગુણસ્થાન, ચોથે (ગુણસ્થાન) આદિમાં પોતાના આત્માને શુદ્ધ નિર્વિકલ્પનો અનુભવ કરતાં એ આત્મામાં વસે છે, વસી શકે છે. સમજાણું કાંઈ? ઓલા કહે, ગૃહસ્થાશ્રમમાં ધ્યાન ન હોય, એને અનુભવ ન હોય, એને સ્વરૂપાચરણ ન હોય. આહાહા..!

**'अप्पाणि वसेइ'** છે, લ્યો! આત્મામાં વસે છે. ગૃહસ્થાશ્રમમાં રાગ હો પણ એનાથી ભિન્ન પડીને પોતે નિવૃત્તિના કાળમાં ભગવાનઆત્મા(માં) નિર્વિકલ્પ દ્વારા, શુદ્ધ ઉપયોગ દ્વારા વસે છે અને એ વસવું થઈ શકે છે, એમ જિનવર કહે છે. કહો, સમજાણું આમાં? મુનિને જ આવું થઈ શકે એવું નથી. મુનિ ઉગ્રપણે વસે છે. મુનિ એટલે સાચા, હોં! સાચા મુનિ. એ ઉગ્રપણે આત્મામાં વસે છે, આત્મામાં વસે છે. આહાહા..!

સમકિતી—જ્ઞાની શ્રાવક હો તોપણ તે આત્મામાં વસે છે. એક ન્યાય શું આપે છે? એમાં એને અશુભ આદિ રાગ હોય છે છતાં એનું ખરેખર એમાં વસવું હોતું નથી. એક વાત ઈ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને ત્રણ કષાય છે, શ્રાવકને બે કષાય, મુનિને એક (કષાય છે) છતાં નિશ્ચયથી તો આત્મામાં જ વસેલા છે, એમ એક ન્યાયે કહે છે. સમજાણું કાંઈ?

ઓલો રાગમાં વસતો જ નથી, દૃષ્ટિ જ નથી, એમ કહે છે. સમ્યક્ આત્માનું શુદ્ધ ચૈતન્યનું ભાન, નિર્વિકલ્પ વેદન થયું અને શુદ્ધિ થોડી વધી અને એથી શુદ્ધિ વધી મુનિને, પણ એ બધાનું ખરેખર તો આત્મામાં જ વસવું છે. રાગાદિ બાકી છે એ તો જ્ઞાનમાં જાણવા યોગ્ય વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પોતાના આત્માની અંદર વાસ કરે છે તે શીઘ્ર જ સિદ્ધિનું સુખ પામે છે. જિનેન્દ્રદેવે આમ કહ્યું છે.**' સમજાણું? એનો શ્લોક પણ છે ને? ગુજરાતી શું કર્યું છે? '**મુનિજન કે કોઈ ગૃહી, જે હોય આતમલીન**' જુઓ! ગૃહસ્થાશ્રમમાં પણ પુણ્ય-પાપના વિકલ્પ હોવા છતાં તેનાથી ભગવાનઆત્માને જ્ઞાનસ્વરૂપે અધિક અનુભવી અને વિકારથી ભિન્ન પાડી અને નિર્વિકાર સ્વભાવમાં એકત્વ થઈને એમાં વસે છે એ અલ્પકાળમાં મુક્તિના સુખને પામે છે. એ ગૃહસ્થમાં હો કે મુનિપણામાં, બેય આત્મામાં વસેલા મુક્તિપણાને પામે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

એક તો એમ કહ્યું કે, ગૃહસ્થાશ્રમ હો કે મુનિઆશ્રમ હો, ત્યાગઆશ્રમ, પણ ભગવાનઆત્માનું શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને, રમણતાનો ભાવ પ્રગટ ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે તેથી તે આત્મામાં વસે છે, મુનિને વિશેષ ઉગ્રતાપણે પુરુષાર્થ છે તો એ આત્મામાં વસે છે. બીજું, એ બેય ગૃહસ્થ કે મુનિ (એમને) રાગાદિ બાકી છે એમાં એની ખાસ દૃષ્ટિ નથી. એટલે ત્યાં ખરેખર રહેલ નથી. ખરેખર એ રહેલ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ આમાં?



આત્મા એટલે એકલા અનંત શુદ્ધભાવનો ભંડાર. આત્મા એટલે એકલા અનંત શુદ્ધભાવનો ભંડાર. એ ભંડાર જેણે રાગની એકતા તોડીને ખોલ્યો, કહે છે કે, એના સ્વભાવમાં એ જેટલો એ વસ્યો છે એ સ્વભાવમાં જ વસ્યો છે, રાગાદિ હોય છતાં એમાં એનું વસવું નથી. એને પણ છોડીને ઠરું ઠરું એમ એને છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમાર્થથી જોઈએ તો એક ન્યાયે મુનિ અને ગૃહસ્થ તો આત્મામાં વસેલા છે. આહાહા..! વાત એ ગંભીર કહે છે.

સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં કે આગળ વધીને મુનિ થયા હોય, બેય વ્યવહારથી તો મુક્ત છે અને વસ્યા છે સ્વભાવમાં. આહાહા..! સમજાણું કાંઈ? ભલે પાંચમે વ્યવહાર આદિના શુભ વિકલ્પો વિશેષ હો, છઠ્ઠે શુભ આદિના થોડા હો છતાં ધર્મીનો વાસ તો ચૈતન્ય ભગવાન શુદ્ધ પરમાનંદની મૂર્તિ (છે), ત્યાં તેનું વસવું—આત્મામાં વસવું છે. એ અણાત્મા એવા પુણ્ય-પાપના ભાવ ને તેના ફળ ને તેના ફળ સંયોગ, એ એમાં રહેલો—વસેલો એ ધર્માત્મા નથી. સમજાણું કાંઈ? પ્રેમની પ્રીતિ કરીને જેમાં પડ્યો છે તેમાં એ વસ્યો છે. એ પુણ્ય-પાપમાં પ્રેમ નથી, રુચિ નથી, એ ઝેર તરીકે જાણે છે. એટલે એનાથી મુક્ત છે એટલે એમાં વસ્યો છે એમ કહેવાતું નથી. કહો, 'રતિભાઈ'! આહાહા...!

આત્મામાં વસે છે, એમ કીધું ને? હેં? '**अप्पाणि वसेइ**' શબ્દ છે ને? '**अप्पाणि वसेइ**' ગૃહસ્થાશ્રમમાં હો કે મુનિ હો, ભગવાનઆત્મા અનંત શુદ્ધ ગુણ સંપન્ન પ્રભુ, એને જેણે દૃષ્ટિમાં, જ્ઞાનમાં જ્ઞેય કરીને બનાવ્યો છે, એમાં જેટલે અંશે ઠર્યો એ ઠરવાનું સ્થાન જ એ માને છે. એટલે ધર્મીને વસવાનો વાસ આત્મા જ છે. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પ આદિ જે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ પણ સમકિતી શ્રાવક કે મુનિને વસવાનો વાસએ એનું ઘર નથી. સમજાણું કાંઈ? અંતર્મુખ પ્રભુ બિરાજે છે. પોતે પરમાત્મસ્વરૂપે બિરાજે છે એવી જ્યાં અંતરમાં વાસ, દૃષ્ટિ, જ્ઞાન, લીનતા થઈ કહે છે કે એ આત્મામાં જ વસે છે. એક સિદ્ધ એમ કર્યું.

બીજું એમ કહે (છે) કે, ગૃહસ્થાશ્રમમાં આત્મામાં

વસવું ન હોય એનો નિષેધ કર્યો. સમજાણું કાંઈ? ત્રીજું કે એનો વ્યવહાર હોય છે એનો એ ધણી છે, એમાં વસે છે એમ નથી. સમજાણું કાંઈ? ગૃહસ્થમાં હો કે મુનિમાં હો, ભગવાનઆત્મા જ્યાં રાગથી નિરાળો શ્રદ્ધા, જ્ઞાનમાં, અનુભવમાં આવ્યો કહે છે કે, એનું વસવું તો એમાં જ પ્રેમથી વસ્યો છે. સમજાણું કાંઈ? ગૃહસ્થ કે મુનિ એ તો પછી સ્થિરતાના અંશમાં ભેદ છે, પણ વાસ ને વસવું ને રુચિનું જમવટ જામી છે આત્મામાં, એને રાગ હોવા છતાં (એમાં એ) વસતો નથી, શ્રાવક કે મુનિ રાગમાં વસ્યા નથી. એ વ્યવહારના રાગથી પણ સમકિતી ગૃહસ્થ હો કે મુનિ, મુક્ત જ છે. જેનાથી મુક્ત છે એમાં વસ્યો કેમ? આહાહા..! સમજાણું કાંઈ?

કહ્યું ને? 'મીરાબાઈ'એ ન કહ્યું? હેં? 'પરણી મારા પિયુજીની સાથ, બીજાના મિંઢોળ નહિ રે બાંધું... નહિ રે બાંધું રાણા નહિ રે બાંધું.. એ પરણી મારા પિયુજીની સાથ, બીજાના મિંઢોળ નહિ રે બાંધું..' એમ સમકિતી (કહે છે), 'લગની લાગી ચૈતન્યની સાથ, બીજાના ભાવ નહિ રે આદરું...'

ઓલામાં કહ્યું ને? 'ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું, ભંગમાં પડશો પ્રીત જિનેશ્વર, બીજો મનમંદિર આણું નહિ..' શેની વાત ચાલે છે આ? આ '**अप्पाणि वसेइ**'ની (વાત) ચાલે છે. 'ધર્મ જિનેશ્વર ગાઉં...' મારો સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ, અખંડ જ્ઞાયક આનંદકંદ એના હું ગુણગ્રામ ગાઉં છું. 'ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું..' એ પુણ્ય-પાપના હું ગુણગ્રામ ગાતો નથી, એમ કહે છે. 'ભંગમાં પડશો પ્રીત જિનેશ્વર, બીજો મનમંદિર આણું નહિ...' એ પ્રભુ અમારા ચૈતન્યના પ્રેમમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં અમારી ષ્ટિમાં વસ્યો, 'બીજો મનમંદિર આણું નહિ' મારા મનના મંદિરમાં વિકલ્પને સ્થાન ન આપું કે આ મારું સ્થાન છે, એમ ન આપું. સમજાણું કાંઈ? 'એ અમ કુળવટ રીત જિનેશ્વર, એ અમ કુળવટ રીત જિનેશ્વર' અનંત સંતોના સિદ્ધોના કુળની અમારી વટ છે. સમજાણું કાંઈ? 'એ અમ કુળવટ રીત જિનેશ્વર, ધર્મ જિનેશ્વર ગાઉં રે... રંગશું' 'આનંદઘનજી' (કહે છે).

અહીં કહે છે, આત્મા પુણ્ય અને પાપના રાગ વિનાનો આનંદસ્વરૂપ જ્યાં ભાસ્યો ને રુચિમાં બેઠો અને પરિણમ્યો, એવા ધર્માત્મા ગૃહસ્થ હો કે મુનિ હો, '**अप्पाणि वसेइ**'. સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં જેની રુચિ ત્યાં તેનો વસવાટ. જેની રુચિ ઊઠી ત્યાં તેનો વસવાટ હોતો નથી. કહો, સમજાણું આમાં? આ માળા સામા બહુ પડ્યા ને, પણ આવું નીકળ્યું.

**सागारु वि णागारु कुविं जो अप्पाणि वसेइ।**
**सो लहु पावइ सिद्धि-सुहु जिणवरु एम भणेइ।।६५।।**

ત્રણલોકના નાથ જિનવરદેવની વાણીમાં એ ધ્વનિ ઈન્દ્રોની ઉપસ્થિતિમાં આવ્યો (કે), જે કોઈ ગૃહસ્થાશ્રમમાં કે મુનિપણામાં હો, ભગવાનઆત્માની રુચિમાં જેણે આત્મામાં વાસ કર્યો એ ગૃહસ્થ હો કે મુનિ હો, બેય અલ્પકાળમાં મુક્તિને પામશે. આહાહા..! કહો, સમજાણું આમાં? (લોકો) રાડ્યું પાડે છે. અર..ર...! હે ભગવાન! ગૃહસ્થાશ્રમમાં આત્મા નથી. એમ. આત્માનુભવ નથી એટલે કે આત્મા નથી. અરે...! તું શું કહે છે? પ્રભુ! આહાહા..! સમજાણું?

ગૃહસ્થાશ્રમ હો કે મુનિપણું (હો), જ્યાં આત્મા જેને દૃષ્ટિમાં, અનુભવમાં વસ્યો છે એના વાસ રાગમાં નથી, એનો વાસ આત્મામાં છે. એને ઠેકાણે અહીં તો સમકિતીને અને શ્રાવકને આખો આત્મામાં વાસ છે, એમ સિદ્ધ કરવું છે. ઓલા કહે કે, બિલકુલ નથી. ત્યારે કહે (છે), એકલો આત્મામાં જ વાસ છે, સાંભળ! કાળજાં તારા કાયર ખાઈ ગયા, પામર! જેને આત્માની પ્રભુતા પ્રગટી એવી પ્રભુતાના જ્યાં ભણકાર વાગ્યા, આ એના વાસ તો આત્મામાં છે. ગૃહસ્થ છે, બાયડી, છોકરા, કુટુંબ છે એટલે રાગ છે (અને) રાગમાં વસ્યો છે (એમ) જિનવર કહેતા નથી. સમજાણું કાંઈ?

જ્યાં જેની પ્રીતિ જામી ત્યાં તે ઠર્યા છે. એ બીજે ઠરવું એને ગોઠતું નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું આમાં? '**जिणवरु एम भणेइ**' ગુરુને આધાર દેવો પડે છે. 'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર સંત, મહાલક્ષ્મીના ધણિ છે. નગ્ન દિગંબર વનવાસી, એ ભગવાનનો આધાર લઈને (કહે છે), અરે...! ભગવાન આમ કહે છે. હું તે કોણ

કહેનાર? સમજાણું કાંઈ? જેને નામે તું વાતું કરે છો એ ભગવાન આમ કહે છે. હેં? પરમેશ્વર.. પરમેશ્વર.. પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરનું બિંબ આખું પ્રગટ્યું, મૂર્તિ પ્રગટી અંદર, એ ભગવાનની વાણીમાં '**जिणवरु एम भणेइ**'. એમ એ કહે છે. ગૃહસ્થાશ્રમમાં આત્માનું જ્ઞાન, શ્રદ્ધા અને અનુભવ થયો એ આત્મામાં વસે છે, એમ ભગવાન કહે છે. ઓલો કહે કે, જરીયે વસવું નથી. અરે..! શું કર્યું તેં? આત્મા નથી? રાગમાં વસે, પુણ્ય-પાપમાં વસે અને એ સમકિતી ને શ્રાવક? સમજાણું કાંઈ? આહાહા..! કહે છે કે, ભગવાન જિનેન્દ્રદેવ એમ કહે છે. સમજાણું કાંઈ? ક્યાંય રસ પડતો નથી, એમ ધર્મીને લાગે છે. ક્યાંય રસ પડતો નથી. આત્માના રસ આડે ક્યાંય સૂઝ પડતી નથી. સમજાણું કાંઈ? સંસારમાં પણ જ્યારે કોઈ લતે ચડે ત્યારે એને નથી થતું? જે લતે ચડે એમાં બીજી સૂઝ પડતી નથી. આ એક જ આખો દિ' ધંધો.. ધંધો.. ધંધો. એ..ઈ ધંધો, બીજી સૂઝ પડતી નથી. મરી જઈએ તો આમાં મરશું, કહે. હેં? આહાહા..!

ગૃહસ્થાશ્રમમાં આત્મા છે કે નહિ? કે, રાગે બધો આત્મા લઈ લીધો? વિકારે આખો આત્મા લઈ લીધો? લૂંટી ગયો? આહાહા..! પરમાત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની જ્યાં અંતર રુચિ, દૃષ્ટિ અને એકાગ્રતા થઈ (તો) ગૃહસ્થ હો, ઓછીવત્તી રમણતાનો પ્રશ્ન નથી, આત્મામાં જ વસે છે, એમ અહીં કહે છે, ભાઈ! જુઓ! ભાષા એવી છે આ. ના ન પાડ, ના ન પાડ. ના પાડતાં આત્મા રહેતો નથી. સમજાણું કાંઈ?

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, જેને અંતરમાં રુચિમાં બેઠા પરિણમન થયું, કહે છે કે એ તો આત્મામાં વસ્યા છે, એમ જિનવર કહે છે. તું કોણ કહેનાર? કે, ગૃહસ્થાશ્રમમાં આત્માનું જ્ઞાન અને આત્મામાં વસવું હોય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ જિનવર સામે મોટો વેરી જાગ્યો છે. એટલે કે આત્માનો વેરી છે કે, આત્મામાં ન હોય. સમ્યગ્દૃષ્ટિ આત્મામાં ન હોય, એ ક્યાં હોય? વિકારમાં હોય. વિકારમાં તો અનાદિનો હતો, ફર્યો શું ત્યારે હવે? સમજાણું કાંઈ? શુભ અને અશુભ રાગમાં તો અનાદિનો હતો, એ તો બહિર્બુદ્ધિ હતી, હવે અંતર્બુદ્ધિ થઈ તો થયું શું? કાંઈ થયું કે ફેરફાર થયો કે નહિ? બહિરાત્મામાં પુણ્ય-પાપના ભાવ મારા ને એમાં પડેલો એ હું આત્મા અને એ લાભદાયક, એ બહિર્બુદ્ધિ તો અનાદિની હતી. હવે એમાં વસ્યો છે અને અંતરાત્મા પણ એમાં વસ્યો છે, તો અંતરાત્મા થયો શી રીતે? સમજાણું કાંઈ? કહો, 'રતિભાઈ'! આહાહા..!

કહે છે, એ '**सागारु वि णागारु कुविं**' સમજ્યા ને? ગૃહસ્થ હો કે કોઈપણ મુનિ હો, '**જે પોતાના આત્માની અંદર વસે છે...**' '**जो अप्पाणि वसेइ**' જે કોઈ આત્મામાં વસે છે, '**તે શીઘ્ર...**' '**लहु लहु**' અલ્પકાળમાં કેવળજ્ઞાનની લક્ષ્મીને પામવાના, પામવાના ને પામવાના. જિનવર એમ ભણે છે, બાપુ! એ બીજી વાત (કહે કે), આવું ભણેલા છે ને આવો ઉઘાડ છે ને આવું સમજાવતા આવડે છે, અમે બહુ શાસ્ત્રા વાંચ્યા છે અને બહુ ભણ્યા છીએ. મીંડાં મૂક એમાં. આ એક ભણ્યો ઈ આત્મામાં વસ્યો છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! અને એનું વસવું સાદિઅનંત સિદ્ધપણે થઈ જશે, એમ કહે છે. એમ કહે છે, મૂળ તો વાત (એમ છે કે) અહીં જ્યાં વસ્યો છે એ વસ્યો છે ત્યાં ઠરીને એ સિદ્ધપદની પૂર્ણ દશામાં વસી જશે. આહાહા..! 'યોગીન્દ્રદેવ' જુઓ! દિગંબર સંતો તો જુઓ! મુનિઓ જંગલમાં રહેનારા ત્રાડ મારીને (કહે છે), સિંહ(ની જેમ) ત્રાડ મારી છે, કહે છે. ગૃહસ્થાશ્રમમાં હોય તો શું છે? આત્મા છે કે નહિ અંદર? હેં? આત્મા છે કે નહિ? કે, એકલો વિકાર જ છે? એકલો વિકાર છે તો અનાદિનો છે, નવું શું કર્યું તેં? સમજાણું કાંઈ?

મુમુક્ષુ : મુનિ આત્મામાં લીન છે. સમ્યક્ચારિત્રથી લીન છે.

ઉત્તર : આત્મામાં જ છે. ચાહે તો વિકલ્પ આદિ હો તોપણ દૃષ્ટિ આત્મામાં છે એટલે આત્મામાં જ વસેલો છે. એમાં (વિકલ્પમાં) વસ્યો જ નથી. આહાહા..!

**'આત્મિક અતીન્દ્રિય આનંદને સિદ્ધિ સુખ અથવા સિદ્ધોનું સુખ કહે છે. જેવો શુદ્ધાત્માનો અનુભવ સિદ્ધ ભગવાનોને છે તેવો જ શુદ્ધાત્માનો**

**અનુભવ જ્યારે થાય છે ત્યારે જેવું સુખ સિદ્ધો વેદે છે તેવું જ સુખ શુદ્ધાત્માનું વેદન કરનારાઓને થાય છે.'** અતીન્દ્રિય આનંદનો સમ્યગ્દષ્ટિને અનુભવ (થાય) અને સિદ્ધને અનુભવ (થાય) એ આનંદની જાત એક છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન નિત્યાનંદનો નાથ, એની વિકલ્પદશામાં દુઃખ, એને તોડીને અતીન્દ્રિય આનંદના જેણે અંદરમાં તળિયા લીધા એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારા, સિદ્ધ(ના) અતીન્દ્રિય આનંદનો સ્વાદ અને આ સ્વાદ, સ્વાદની જાતમાં ફેર નથી.

**'આત્મિક આનંદનો સ્વાદ જે સાધનથી થાય તે જ મોક્ષનો ઉપાય છે.'** જુઓ, ભાષા! આત્માના આનંદનો સ્વાદ જે સાધન (થાય) એ મોક્ષનો ઉપાય અને એ આનંદ સુખનું સાધન, એ આનંદ સુખનું સાધન. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જે આત્મિક આનંદનો સ્વાદ જે સાધનથી, સાધન એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન. એ પોતે આનંદ છે એમ કહે છે. સમજાણું કાંઈ? તે જ મોક્ષનો ઉપાય અથવા અનંત સુખનું સાધન (છે). એ જ આનંદના સુખનું (સાધન છે), પૂર્ણ આનંદના સુખનું, અતીન્દ્રિય આનંદનો અનુભવ પૂર્ણ આનંદના સુખનું સાધન (છે). અતીન્દ્રિય આનંદ ભગવાન પૂર્ણાનંદ, એના વેદનમાં અતીન્દ્રિય આનંદનું વેદન (થાય) એ અતીન્દ્રિય આનંદ પૂર્ણાનંદનું સાધક (છે). રાગ-બાગ, વ્યવહાર-ફ્યવહાર, નિમિત્ત-ફિમિત્ત સાધક-ફાધક છે નહિ. કહો, સમજાણું આમાં? આહાહા..!

**'કેમકે સ્વાનુભવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેય ગર્ભિત છે. સ્વાનુભવ જ નિશ્ચય રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ છે.'** આહાહા..! ઠીક લખ્યું છે. સ્વાનુભવ જ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. રાગના ક્રિયાકાંડમાં સ્વાનુભવ છે? એ નિશ્ચય રત્નત્રય છે. સ્વ-અનુભવ. ભગવાનઆત્મા પોતાને અનુસરીને આનંદથી વેદનમાં આવ્યો એમાં ત્રણે સમાઈ જાય છે, કહે છે. નિશ્ચય સત્ય સમ્યગ્દર્શન, સત્ય સમ્યગ્જ્ઞાન અને સત્યચારિત્ર ત્રણેય એને આવી ગયા. આ ભણ્યો-ગણ્યો ઓછું એને કેવળજ્ઞાનનું મૂળિયું (હાથ) આવી ગયું. સમજાણું કાંઈ? સ્વાનુભવ જ નિશ્ચય મોક્ષમાર્ગ છે.

**'આ જ એક સીધી સડક મોક્ષમહેલ તરફ ગયેલી છે.'** આ સડક ક્યાં જાશે? ચક્રવર્તીના મહેલમાં. આ સડક ક્યાં જાશે? ચક્રવર્તીના મહેલમાં. એમ આનંદના અનુભવની સડક ક્યાં જાશે? સિદ્ધિના પૂર્ણ આનંદમાં. આહાહા..! 'આ જ એક સીધી સડક મોક્ષમહેલ તરફ ગયેલી છે.' આ..હા...! વિકલ્પ-ફિકલ્પ, વ્યવહાર-ફ્યવહારના તો અહીં ભૂક્કા ઊડાવ્યા છે. '**अप्पाणि वसेइ**' છે ને? આત્મામાં જે વસ્યો છે એ જ પૂર્ણ આત્મામાં વસવાનો મહેલ—સિદ્ધ, એના સન્મુખ એ સડક ગઈ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, દરબાર! 'મુંબઈ'માં તમે આવું સાંભળ્યું નહિ હોય. પૈસા.. પૈસા.. પૈસા આખો દિ', ધૂળ.. ધૂળ.. ને ધૂળ. આ તો કહે છે, આનંદ.. આનંદ.. ને આનંદ. આહાહા..! **'એ સિવાય કોઈ બીજી સડક નથી.'** બીજી સડક જ નથી.

મુમુક્ષુ : બે રસ્તા છે ને?

ઉત્તર : બે રસ્તા જ નથી, એક જ રસ્તો છે. આત્માના આનંદસ્વરૂપ પ્રભુ, એનું અતીન્દ્રિય આનંદ(રૂપ થવું એ) એક જ (સડક) અતીન્દ્રિય પૂર્ણાનંદ (તરફ જાય છે), એ સડક જઈને પૂર્ણાનંદને પામશે, બીજી કોઈ સડક-ફડક છે નહિ. બીજો કોઈ માર્ગ-ફાર્ગ, વ્યવહાર વચમાં આવે એ માર્ગ જ નથી. આવે ખરો વચમાં. દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતના વિકલ્પો (આવે ખરા) પણ એ માર્ગ નથી. એ મોક્ષમહેલમાં જવાની સડક નથી. એ તો બંધમાં જવાની સડક છે. આહાહા..! સમજાણું કાંઈ? પછી એણે અગિયાર પડિમાના નામ લીધા છે. ઠીક છે, અગિયાર પડિમા હોય છે. પછી છેલ્લે 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નું થોડું લીધું છે.

**'સર્વ પાપબંધના કારણરૂપ મન, વચન, કાયાની પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે વ્યવહાર ચારિત્ર છે. સર્વ કષાયના કાલિમારહિત, નિર્મળ, ઉદાસીન, આત્માનુભવરૂપ નિશ્ચયચારિત્ર છે.'** આત્મારૂપ છે ને

*(પ્રવચનનો શેષ અંશ પૃષ્ઠ–૧૮ ઉપર)*



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૯૬૯ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૩-૭-૧૯૮૫, પ્રવચન નં. ૫૭૮ (વિષય : ભેદજ્ઞાન)**

**જો તિર્યંચને પણ સાત તત્ત્વોનું ભાન ન હોય તો સમ્યગ્દર્શન ન હોય કેમ કે જો તે જીવની જાતિ ન જાણે તો સ્વ-પરને ન ઓળખે અને તેથી પરમાં રાગાદિ કર્યા વિના રહે નહિ. મન, વાણી આદિને પોતાનાં માનીને એ રાગ કર્યા વિના રહે નહિ. પરંતુ ઢોરને પણ જીવ-અજીવાદિનું શ્રદ્ધાન હોય છે. તેથી તે પરમાં રાગાદિ કરતાં નથી. દેડકા, ચકલાં કોઈ આત્મજ્ઞાન પામે છે. એને જીવતત્ત્વનું યથાર્થ ભાન હોય છે. મારો ચૈતન્યસ્વભાવ છે તે પરમાં નથી. તેથી પર તે હું નથી અને મારામાં પર નથી, એવા પરથી ભિન્ન પોતાનાં સ્વરૂપને ઢોર બરાબર જાણે છે. તેને પરમાં એકત્વબુદ્ધિ થઈને રાગાદિ થતા નથી. ૯૬૯.**

પાનું-૨૬૮. ૯૬૯. તત્ત્વાર્થ શ્રદ્ધાનનું પ્રકરણ ચાલે છે. મોક્ષમાર્ગ પ્રકાશક નવમા અધિકારમાં તત્ત્વાર્થ શ્રદ્ધાન યથાર્થરૂપે કેવું હોય છે, મનુષ્યને પણ અને તિર્યંચને પણ. તિર્યંચને ઉઘાડ ઓછો હોવા છતાં પ્રયોજનભૂત એવા સ્વ-પર તત્ત્વોનું અથવા હેય-ઉપાદેય તત્ત્વનું ભાવભાસન તો યથાર્થ જ હોય છે. એ વિષય છે.

**'જો તિર્યંચને પણ સાત તત્ત્વોનું ભાન ન હોય તો સમ્યગ્દર્શન ન હોય.'** શું કહેવું છે? તિર્યંચને સમ્યગ્દર્શન હોય છે. પાંચમા ગુણસ્થાનમાં જે સ્વરૂપ સ્થિરતા પ્રગટ થાય એવી સ્વરૂપ સ્થિરતાની આરાધના પણ તિર્યંચની દશામાં હોય છે. એટલો પુરુષાર્થ તે જીવ પોતાના પુરુષાર્થને અન્ય વિષયમાં લગાવ્યા વિના બરાબર કરી શકે છે, આત્મામાં લગાવીને. તિર્યંચને પણ સાત તત્ત્વોનું ભાન છે એમ કહે છે. ત્યાં તો કોઈ સાત તત્ત્વો શાસ્ત્રનું નિરૂપણ એવું છે નહીં અને એને સાત તત્ત્વનું ભાન હોય છે? હા, એને સાતેય તત્ત્વોનું ભાન છે એમ અહીંયા સિદ્ધ કરવું છે. એક તો સમ્યગ્દર્શન હોય એને સાતેય તત્ત્વોને યથાર્થ ભાન હોય. સાતેય તત્ત્વોનું યથાર્થ ભાન હોય, એને જ સમ્યગ્દર્શન હોય. આ તો નિયમ છે. તેથી તિર્યંચને પણ સાત તત્ત્વોનું ભાન છે. જો સાત તત્ત્વોનું ભાન ન હોય તો તેને પણ સમ્યગ્દર્શન ન હોય. હવે કેવી રીતે એ તો ખુલાસો કરશે.

શ્રોતા :— તિર્યંચને પાંચમું ગુણસ્થાન?

પૂજ્ય ભાઈશ્રી :— હા, પાંચમું ગુણસ્થાન. હા, હા બરાબર હોય છે. છે અત્યારે, અત્યારે પણ તિર્યંચ છે. મોટા દ્વીપ, સમુદ્રો છે એમાં તિર્યંચો છે. દેવદર્શન નથી, ગુરુ નથી, શાસ્ત્ર નથી, ઉપદેશ દેનાર નથી, છતાં આત્મા છે. એ બધા નિમિત્તો નથી પણ એનું ઉપાદાન

નથી એવું થોડુ છે કાંઇ, એનુ ઉપાદાન છે. પૂર્વે દેશનાલબ્ધિ પ્રાપ્ત કરી છે. પૂર્વના સંસ્કાર પણ એને છે. એટલું કાર્ય એણે પૂર્વપર્યાયમાં પણ ઉપાદાનથી કર્યું છે. દેશનાલબ્ધિ થઇ એ પણ ઉપાદાનનું કાર્ય છે, સંસ્કાર થયા એ પણ ઉપાદાનનું કાર્ય છે. ત્યાં અધુરું રહેલું કાર્ય અહીંયા આગળ ધપાવે છે, પોતાના પુરુષાર્થથી. અનુકૂળ સહકારી નિમિત્તો નથી તોપણ પોતાના સ્વતંત્ર પુરુષાર્થથી બરાબર કાર્ય આગળ ધપે છે, વધે છે. અને અનુકૂળ નિમિત્તો હોય ત્યારે પણ પોતાના સ્વતંત્ર પુરુષાર્થથી જ કાર્ય થાય છે, નિમિત્તોથી કાર્ય થતું નથી. ક્યારે પણ.

શ્રોતા :— ઊંચા સંસ્કાર લઇને જાય છે અને પાછા જન્મે તો તિર્યંચમાં.

પૂજ્ય ભાઈશ્રી :— હા, અનેક પ્રકારના પાછા પાપના પરિણામ પણ કર્યા હોય છે, માયાચારના પરિણામ કર્યા હોય છે. સમ્યગ્દર્શન ન થયું હોય. સાદિ મિથ્યાદૃષ્ટિ થાય છે, ત્યાં પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે અને પાંચમું ગુણસ્થાન પહેલુંવહેલું પ્રગટ કરે.

શ્રોતા :— અહીંથી તો સંસ્કાર લઈને જાય છે એટલે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. અહીંથી સંસ્કાર લઈને ગયા અને પાછા તિર્યંચમાં?

પુજ્ય ભાઈશ્રી :— સંસ્કાર લીધા એ તો થોડોક કાળ એવો ગયો. આખા જીવનમાં તો અનેક પ્રકારે શુભાશુભ પરિણામ કર્યા હોય છે જીવે.

શ્રોતા :— સંસ્કાર...

પૂજ્ય ભાઈશ્રી :— હા, સંસ્કાર તો થોડાક કાળમાં જ પડી જાય. સંસ્કાર માટે એવું નથી, કે ઘણા વર્ષ સુધી શાસ્ત્ર સ્વાધ્યાય કરે એને સંસ્કાર પડે. ઓછો કાળ કરે એને ન પડે એમ કાંઇ નથી. એ તો જે ક્ષણે એને તે પ્રકારની પાત્રતા આત્મભાવોને રુચવાની, આત્મભાવોની જિજ્ઞાસા, એ પાત્રતા જે ક્ષણમાં વર્તતી હોય એ ક્ષણમાં એવુ કાર્ય થઇ જાય. આગળ-પાછળનું જીવન પરિણમન એનું અનેક પ્રકારના શુભાશુભ પરિણામથી જતું હોય, તો તિર્યંચ થાય.

શ્રોતા :—

પૂજ્ય ભાઈશ્રી :— હા, એ તો સાદિ મિથ્યાદૃષ્ટિઓ છે બધા. એવા સાદિ મિથ્યાદૃષ્ટિઓ નિગોદમાં અત્યારે પણ અનંતા છે. કેટલા છે? અનંતા છે. એનો અર્થ એ થાય છે. ઇ બધી ચિત્ર-વિચિત્ર પરિસ્થિતિનો અર્થ એ થાય છે, કે પરિણામ એક એવું તત્ત્વ છે ક્ષણિક ભાવરૂપ કે જેનો ભરોસો કરવા યોગ્ય નથી. પરિણામનો ભરોસો કરીશ નહિ. ધ્રુવનો ભરોસો કરજે, પરિણામનો ભરોસો કરતો નહિ એમ કહેવું છે. અત્યારે ભાવ સારો આવ્યો એમ એના ભરોસે રહીશ નહિ. ધ્રુવના આશ્રયે જઈશ, ધ્રુવના ભરોસે ચડીશ તો તારું પરિણમન સલામત છે. અને નહીંતર ક્ષણિક ભાવ સારો થયો એમાં રાચી લઈશ, પાછા પરિણામનું ઠેકાણું રહેશે નહીં. શુભભાવ થાય કષાયની મંદતાનો. બહુ સારો ભાવ આજે આવ્યો, ઘણા ભાવ આજે આવ્યા એમ કરીને સંતોષ માનવા જેવું નથી. અથવા હું રોજ સ્વાધ્યાયના પરિણામ કરું છું, હું રોજ સ્વરૂપચિંતવનના પરિણામ કરું છું, હું રોજ ધ્યાન કરવાનાં પરિણામ કરું છું, આટલા કલાક તો આટલું રોજ મારે કરવાનું જ, આ તો મારું કાયમનું બરાબર છે. એટલે મારા પરિણામો તો બરાબર રહે છે, મારા પરિણામો બરાબર રહે છે એમ પરિણામના ભરોસે રહી જઈશ નહિ એમ કહે છે. પલટતા વાર નહિ લાગે. એક ક્ષણમાં ઊડીને પરિણામ ક્યાં જશે, ધ્રુવના આશ્રયે નહિ બંધાયેલું એવું નિરર્ગળ પરિણમન છે. આગળિયા વિનાનું. આગળિયા સમજ્યા? કંટ્રોલ. આલડ્રાફ લગાવે છેને? એને આગળિયો કહે છે. આલડ્રાફ વગર દરવાજો બંધ થયો હોય તો પવનનો ઝપાટો આવે ને ખુલી જાય. એમ ધ્રુવના આશ્રય વિનાનું પરિણમન છે એ નિરર્ગળ પરિણગમન છે. ક્યારેક ઠીક લાગે પણ એના ભરોસે રહેવાય નહિ એમ કહેવું છે.

બહુ ચિત્ર-વિચિત્ર સ્થિતિ છે પરિણામની. નીચે જઘન્ય મોક્ષમર્ગીના પરિણામની વિચિત્રતા પુરાણોમાં નથી આવતી? કે એક શ્રીરામચંદ્ર છે, પુરુષોત્તમ પુરુષ છે. પુરુષોત્તમ પુરુષ એટલે બહુ વિચક્ષણ પુરુષ છે. છતાં પણ પરિણમનમાં કેવા ચઢાવ-ઉતાર આવે છે. સમજી શકાય છે કે નહિ? જ્યાં સીતાનુ હરણ થાય છે તો રડે છે. જ્યાં લક્ષ્મણજીનો દેહાંત થાય છે ત્યાં મડદું ખંભે લઈને ફરે છે. એ તો શ્રીકૃષ્ણનું મૃતક કલેવર

લઈને બળદેવ ફરે છે. છ-છ મહિના જંગલમાં ફરે છે. તીવ્ર રાગ છે ચારિત્રમોહનો, હોં! એટલો આપસમાં રાગ છે. બન્ને ભાઈઓ વચ્ચે એટલો આપસમાં તીવ્ર રાગ હોય છે.

શ્રોતા :— છ મહિનાથી વધે નહિ. ...

પૂજ્ય ભાઈશ્રી :— એટલે જ. આ તો સમ્યદ્દષ્ટિ છે, ચારિત્રમોહના પરિણામના આવા ઉછાળા ખાય છે રાગ. આ રાગ કેવા કેવા ઉછાળા મારે એ ચેતવા જેવો વિષય થઈ જાય છે. ત્યાં એને છતાં અલ્પ બંધન છે, તીવ્ર બંધન નથી. બહારમાં તો લોકોને ભૂલ થઈ જાય એવું છે. આવા જ્ઞાની હોય? આને તમે જ્ઞાની કહો છો? આ પાગલને તમે જ્ઞાની કહો છો? એમ કહી દે.

ક્ષાયિક સમ્યગ્દ્દષ્ટિ છે. ચરમ શરીર છે. મુનિદીક્ષા અંગીકાર કરશે. સ્વરૂપના ધ્યાનમાં લીન થઈ અને તે ભવે વયા જશે. એની નીચે આ દશા છે. છ-છ મહિના સુધી મડદાને મૂકતા નથી. પત્નિનો વિયોગ થાય છે તો પાગલની જેમ રડે છે. ચોધાર આંસુએ રડે જંગલમાં. પશુને પૂછે, પક્ષીને પૂછે, એને છોડીને ઝાડ-પાનને પૂછે.

રાવણ તો આકાશગામી વિદ્યાધર હતોને. એટલે એ પોતાના જે આભૂષણ છે એ ફગાવતા જતા હતા. જે આભૂષણ પહેર્યા હતા એ ફગાવતા જતા હતા. એટલે ખબર પડે કે આ રસ્તે મને લઈ ગયા છે. શોધ તો પાછળ ચલાવશે એ ખ્યાલ ગયો. બન્ને ભાઈ પાછળ શોધ ચલાવવાના છે. આકાશ-પાતાળ એક કરશે. એટલે આ રસ્તે આ દિશામાં જવાનું થયું છે એ એના આભૂષણ ઉપરથી જોવે છે, પછી ખ્યાલ આવે છે. જટાયુ છેને? જટાયુ મરતાં મરતાં કહે છે, લંકામાં લઈ ગયા છે એને. વચમાં રોકે છે રાવણને. થોડી મારામારી થાય છે એમાં એ ઘવાય છે. પછી મરે છે પણ એ પહેલા રામચંદ્રજી એને જંગલમાં મળી જાય છે.

શ્રોતા :— ..

પૂજ્ય ભાઈશ્રી :— ના, એ વિદ્યાધર જ છે. એ પણ વિદ્યાધર છે. સામા સામા વિદ્યા જાણતા હોય એટલે આકાશમાં લડાઈ થાય છે. આ લોકોમાં વિદ્યાધરનો વિષય નથી એટલે એને પક્ષી ઠરાવ્યો છે. હનુમાનજીને વાંદરા ઠરાવ્યા છે, સારો ઠેકડો મારી શકે એટલે. એ બધા વિદ્યાધર છે, વિદ્યાધર છે.

શ્રોતા :— હનુમાનજી વિદ્યાધર છે?

પૂજ્ય ભાઈશ્રી :— હા, વિદ્યાધર છે. હનુમાનજી પછી એના બધા સાથીદારો સુગ્રીવ, વાલી બધાય વિદ્યાધરનું સૈન્ય છે. વિદ્યાધર બધા મનુષ્ય હોય છે. રાવણ પણ મનુષ્ય જ છેને પણ એ વિદ્યાધર છે. એટલે તો એને એમ હતું કે હું તો આકાશગામિની વિદ્યા, અનેક શસ્ત્ર-અસ્ત્રની વિદ્યા જાણું છું. રામ તો ભૂમિગોચરી છે. એ ક્યાં આકાશમાં ઊડી શકે છે. હું તો ઉપરથી આવીને મારી જાઉં. એનું શું ગજુ છે. એટલુ તો એને અભિમાન હતું વિદ્યાનું. છતાં લક્ષ્મણના હાથે એનું મોત થાય છે.

શ્રોતા :— નારાયણ અને પ્રતિનારાયણ. લક્ષ્મણ નારાયણ અને રાવણ પ્રતિનારાયણ.

પૂજ્ય ભાઈશ્રી :— સામે સામે જ છે. આ તો પરિણામ કેવા ઉછાળા ખાય છે. એના ભરોસે રહેવાય નહિ. પરિણામના ભરોસે રહે એના પરિણામ નીચે ગયા વિના રહે નહિ.

શ્રોતા :— પરિણામની સામે જોવે તો...

પૂજ્ય ભાઈશ્રી :— એમ જ છે. પરિણામની સામે જોવે કે પરિણામના ભરોસે રહે એક જ વાત છે. આધાર એ છે, એનો એ આધાર ખોટો છે.

શ્રોતા :— ભરોસાને ગઈકાલે જ્ઞાનમાં લીધું.

પૂજ્ય ભાઈશ્રી :— હા, વિશ્વાસથી જાણે છે કે નહિ? જે જાણે એનો વિશ્વાસ કરે અને ન કરે એવા બે પ્રકાર બને છે કે નહિ? જાણતા શંકા કરે. છીપમાં રૂપુ હશે કે નહિ હોય? રૂપા જેવું ચળકે છે તો ચાંદી હશે કે નહી હોય? શંકા થાય છે કે નહિ?

એમ આત્મામાં અનંત શક્તિ કહી, અનંત સુખ ભરેલું કહ્યુ તો કાંઈ અનંત સુખ દેખાતું નથી. જાણ્યું કે આત્મામા અનંત સુખ છે. હવે અનુભવ તો છે નહિ. તકલીફ શું છે? કે અજ્ઞાની જીવ એમ દલીલ કરે છે કે આત્મા આવો છે, આવો છે, આવો છે તમે કહો છો, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ પણ અહીંયા કાંઈ દેખાતું નથી, કાંઈ અમને ખબર પડતી નથી. જેણે

અનુભવ્યો હોય, જાણ્યો હોય એ ભલે એમ કહે એમ ભલે એને અનુભવ (થતો હોય), પણ અમને શું? અમારે શું કરવું? અમને તો આ પેટમાં દુઃખે ત્યાં હાઈ-હોઈ થાય છે, માથુ દુઃખે ત્યાં હાઈ-હોઈ થાય છે. શાતા-અશાતામાં તો બીજું કાંઈ સૂઝતું નથી. શરીરમાં એકાકાર થઈ જવાય છે.

કહે છે, તને એમ જાણવા મળ્યું કે તારા આત્મામાં અનંત જ્ઞાન છે, તારા આત્મામાં અનંત સુખ છે. એ જાણવાની સાથે તને કાંઈ વિશ્વાસ આવે છે કે અવિશ્વાસ આવે છે? આ સવાલ છે. વિચારજ્ઞાનમાં જીવ વિવેક કરે છે કે આવું કહેનાર કોણ છે? જેણે આત્મામાં અનંત સામર્થ્ય બતાવ્યું એવું કહેનાર કોણ છે? તે કહેનારની પ્રમાણિકતા કેવી રીતે નક્કી કરવી? એની સદોષતાથી કે નિર્દોષતાથી? આ બધો વિચાર વિવેક થઈ શકે છે. સંજ્ઞી જીવ બરાબર વિચાર કરી શકે છે કે ભલે મને વિષયનું જ્ઞાન નથી પણ કહેનાર જો પ્રમાણિક છે, કહેનારનો આશય પણ પ્રમાણિક છે અને આમાં બીજો કોઈ દુરાશય જોવામાં આવતો નથી. તો આ વાત જાણતા એનો વિશ્વાસ અને પ્રતીતિ કરવા યોગ્ય છે. અને એ વિશ્વાસ ને પ્રતીતિ કરે તો એ દિશામાં ઊંડો ઊતરવાનો વિશેષ પ્રયત્ન કરે.

આત્મામાં અનંતજ્ઞાન અને અનંતસુખ છે એનું અંતર સંશોધન કયારે કરશે? કે જાણવાના કાળમાં એણે પ્રતીતિ કરી હશે તો. જાણતી વખતે પ્રતીતિ નહિ કરી હોય, વિશ્વાસ નહિ કર્યો હોય એ વાતનો તો એ વિષયમાં એ જીવ ઊંડો નહિ ઊતરે, સાંભળી લેશે. કદાચ તેને કર્ણેન્દ્રિયનો વિષય બનાવશે કે આ સાંભળવું મને ઠીક લાગ્યું એટલે મેં સાભળ્યુ. અત્યારે આ સાંભળવું ઠીક લાગ્યું, કાલે બીજું સાંભળવું ઠીક લાગશે તો એ સાંભળશે. કર્ણેન્દ્રિયનો વિષય થઈ ગયો.

આ પ્રવચનો કરે છે એમાં આવે છેને? ધાર્મિક પ્રવચનોમાં પણ મનોરંજન થાય એવો વિષય પીરસે છે કે નહિ વક્તાઓ પ્રવક્તાઓ? એની કર્ણેન્દ્રિયને ઠીક લાગે છે તો કહે બહુ સારું ભાઈ, બહુ સરસ છે, સાંભળવાની મજા આવે છે અમને તો એટલે અમે સાંભળીયે છીએ, રસ આવે છે સાંભળવાનો એટલે અમે સાંભળીયે છીએ, સાંભળવા જઈએ છીએ. શેનો રસ આવે છે એનો વિવેક કરવો જોઈએ.

શ્રોતા :— ગુરુદેવ કહેતા હતા, મનોરંજન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :— એટલે શું છે કે એ તારવી નથી શકતો. આત્માનું હિત થાય એ લક્ષે મારે આગળ વધવું છે આ દિશામાં અને એ સિવાય બીજી વાતમાં મારે આગળ વધવું નથી. આત્માના હિતનું લક્ષ છે. એ લક્ષ છે એ મોટું કામ છે. એ વાતની એણે અંદરમાં ગાંઠ એવી વાળવી જોઈએ કે એ ગાંઠમાં કાંઈ ફેર પડે નહિ. પછી વાંધો નથી. ભૂલો ન પડે, નહિતર ભૂલો પડી જતા વાર લાગતી નથી. ઘડીકમાં ભૂલો પડી જાય

શ્રોતા :— સંસ્કાર એટલે યોગ્યતા?

પૂજ્ય ભાઈશ્રી :— સંસ્કાર એટલે સંસ્કાર. એ એક એવી ગર્ભિત યોગ્યતા છે, યોગ્યતા ખરી પણ ગર્ભિત યોગ્યતા છે. પ્રગટ યોગ્યતા નથી. પ્રગટમાં તો તિર્યંચ હોય, પ્રગટમાં તો અનેક પ્રકારના આરંભ-સમારંભમાં પડેલો જીવ દેખાય. તો એમ થાય કે આનામાં શું છે? આ તો એકલો સંસારમાં રચ્યોપચ્યો ને ડૂબેલો જીવ છે એમ લાગે. સંસ્કાર પડી ગયા હોય, સંસ્કાર ઝીલાય ગયા હોય, એ જીવ કયારેક પાછો જાગૃત થઈ જાય છે અને હિત કરી લે છે. એ ગર્ભિત યોગ્યતા છે. સંસ્કાર છે એ પ્રગટ યોગ્યતા નથી પણ ગર્ભિત યોગ્યતા છે. અથવા વર્તમાન યોગ્યતા નથી પણ કોઈ ભાવિમાં એને યોગ્યતા ઉત્પન્ન થાય એવી કોઈ એની ગર્ભિત સ્થિતિ ઊભી થઈ ગઈ છે એમ કહેવું છે. એટલે તો દ્રવ્યને માનવું પડે. એકલી પર્યાયને માને તો ન ચાલે. એ દ્રવ્યમાં ગઈ વાત. એ પર્યાયરૂપ નથી.

શ્રોતા :—

પૂજ્ય ભાઈશ્રી :— કર્મનો સવાલ નથી. આત્માના સંસ્કાર જુદા છે ને એટલે એમાં કર્મનો વિષય નથી. કર્મના નિમિત્તનો સવાલ નથી. શું કહે છે?

**'જો તિર્યંચને પણ સાત તત્ત્વોનું ભાન ન હોય તો સમ્યગ્દર્શન ન હોય. કેમ કે જો તે જીવની જાતિ ન જાણે તો સ્વ-પરને ન ઓળખે અને**

**તેથી પરમાં રાગાદિ કર્યા વિના રહે નહિ.'** સ્વ-પરની ભિન્ન ભિન્ન જાતિને એ ઓળખે છે તેથી તે પરમાં રાગાદિ કરતાં નથી. પર જણાતા પછી પરથી ઉપેક્ષા જ થાય. જે પરને પર તરીકે જાણે, પરને પરસ્વરૂપે જે જાણે એમાં પરની ઉપેક્ષા આવ્યા વિના રહે નહિ. કેમકે પોતાને સંબંધ નથી. પર છે. જેમ પરમાં થવાનું હોય તેમ થાઓ. તેથી મને શું છે? મને લાભ પણ નથી ને નુકસાન પણ નથી. એ ઉપેક્ષાની બુદ્ધિ આવે છે. તિર્યંચ આટલું કરી શકે છે. મનુષ્યને તો ઘણો અવકાશ છે. આમ છે. પણ પોતાની શક્તિનો દુર્વ્યય કરે છે, પોતાની શક્તિને જે યોગ્ય સ્થાનમાં લગાવવી જોઈએ (ત્યાં લગાવતો નથી).

ઉપયોગને યોગ્ય સ્થાનરૂપ કરવો. અનુભવ પ્રકાશમાં બોલ આવી ગયો. ઉપયોગને યોગ્ય સ્થાનરૂપ કરવો. એટલે જે ઉપયોગધારી છે એમાં ઉપયોગની રમણતા કરવી એના બદલે ઉપયોગને અનેકવિધ પરપદાર્થોમાં લાભ નુકસાન માનીને, સ્વીકારીને જે ઉપયોગને ભમાવે છે તો એની શક્તિ અને પુરુષાર્થ બધો ત્યાં ચાલ્યો જાય છે. અવકાશ હોવા છતાં એ અવકાશ એને કામમાં આવતો નથી.

હિત કરી લેવા માટે જે મનુષ્યભવ અને જે મનુષ્ય ગતિ એકદમ અસાધારણ મોકો છે, તક છે એ તકને જીવ અન્ય કાર્યોમાં ગુમાવી દે છે. પાછો ખ્યાલ છે કે હું જે દોડ દોડું છું એ દોડ અનેક દોડ્યા અને અહીંયા બધુ મૂકીને વયા ગયા. અને જે એણે ખૂબ જાળવવા સાવધાની ને પુરુષાર્થ ને આત્માને આખે આખો ત્યાં ટીંગાડી દીધો, એ જ સંપત્તિનો પાછળથી દુર્વ્યય થાય છે. એના જે પરિવાર કુટુંબ વારસ હોય તો ઠીક અને વારસ ન હોય તો કોઈને તો લ્યે જ છે. કાંઈ રસ્તામાં તો કોઈનું રહેતું નથી. તો એનો ગમે તે ઉપયોગ થાય છે. હવે એ ક્યાં સાવધાની કરવા આવશે? એની સંયોગની સ્થિતિ મર્યાદિત છે અને એ સંયોગની સ્થિતિ મર્યાદિત હોવાથી એ કાંઈ કામમાં આવવાનું નથી. કામમાં તો જેટલું પોતે સ્વકાર્ય સાધશે તેટલું જ કામમાં આવવાનું છે. એમ જે જીવ પોતાના હિતને સમજી લે તે વિચક્ષણ છે.

એક વખત ગુરુદેવ ભાવનગર પધાર્યા હતા. ત્રણ-ચાર દિવસનો અહીંયા મુકામ હતો ગુરુદેવનો. વજાભાઈના બંગલે ઉતર્યા હતા. ભગવાન છગન. વજાભાઈ સુતરિયા. .. પાસે, ટાંકી પાસે. ત્યાં ઉતારો હતો.

શ્રોતા :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં ઉતારો હતો. સાંજની વાત છે, ત્યાં ઉતર્યા હતા. એક વખત ત્યાં ઉતર્યા હતા. વજાભાઈને ત્યાં ઉતર્યા હતા. વજાભાઈ નવા નવા પરિચયમાં આવ્યા, આવતા થયા, અને પછી કાંઈ વિનંતિ કરી હશે ગમે તેમ, ભાવનગરમાં ઉતર્યા એમને ત્યાં. સાંજનો વખત હતો. ચર્ચા માટે ભાઈઓ જતા હતા. તે દિ' આપણા મંડળની આટલી સંખ્યા નહોતી, મંડળ આપણું નાનું હતું. એટલે ત્યાં રાત્રિ ચર્ચામાં પાંચ-પંદર ભાઈઓની સંખ્યા થાય, ૧૫-૨૦ ભાઈઓની. એટલું લગભગ મંડળ હતું. બહુ મોટું નહોતું. હું થોડોક ચર્ચાના સમય પહેલા દસ-પંદર મિનિટ વહેલો પોચ્યો હતો. ગુરુદેવ જે રૂમમાં ચર્ચા માટે બેસવાના હતા ત્યાં બેઠા હતા અને નીચે પાટ જેવું હતું. નીચે વજાભાઈ બાજુમાં બેઠ હતા. જુઓ! વજાભાઈ! મેં એમ સાંભળ્યું છે, વ્યકિતગત વાત તો ભાગ્યે જ ગુરુદેવ કરે પણ છતાં કોઈ જીવ ઉપર વિશેષ કરુણાનો ભાવ હોય તો કહે, મેં એમ સાંભળ્યું છે, કે તમે બહુ ડાહ્યા માણસ કહેવાઓ છો. સંસારમાં વિચક્ષણ માણસ ગણાઓ છો. કરોડોનો વહિવટ એમના હાથમાં હતોને. એ જમાનાના કરોડપતિ હતા. વહિવટ બધો એમના હાથમાં હતો. ચાર પાંચ ... હશે. વહિવટ એ ચલાવતા હતા. ડાહ્યા માણસ હોય, પાંચમાં પૂછાય એવા હોય, કોઈક સલાહ લે, પણ એક વાત કહું છું. આત્માનું હિત કરી લે એ વિચક્ષણ. બાકી સંસારના કાર્યોની વિચક્ષણતામાં ડૂબેલો રહે અને એમાં એમાંને એમાં જીવન પસાર થઈ જાય તો એને વિચક્ષણ નથી કહેતા. પોતાનુ હિતનું લક્ષ કરી લે, એ સાઈડ સંભાળે નહિ, બીજી સાઈડ સંભાળ્યા કરે અને આની સંભાળ ન લે તો એ એમ ડાહ્યો નથી, એ વિચક્ષણ નથી. આ વિચક્ષણ ને આ ડાહ્યો છે. એવી વાત કરતા હતા. સમજવા જેવો વિષય છે. જે બુદ્ધિવાળા માણસો છે,

વિચારવાન માણસો છે, જેનો ઉપયોગ અનેક વિષયોમાં કામ કરે એવો હોય છે, શક્તિ હોય છે એવી, એણે શક્તિનો ક્યાં ઉપયોગ કરી લેવો? આયુષ્યનો શું ભરોસો? ગમે તે ક્ષણે પૂરું થાય. તંદુરસ્તીમાં પણ પુરું થાય છે. એમ નથી કે માંદો પડશે ને પહેલા નોટિસ આવવાની છે હવે સમજી જા. એવું નથી કાંઈ. ગમે તે ક્ષણે પૂરું થાય.

શ્રોતા :—

પૂજ્ય ભાઈશ્રી :— હશે, એનું એ જાણે. આપણે આપણા પુરતો સંભાળવાનો વિષય છે. એમાંથી આપણે શું ધડો લેવો એટલી વાત છે. એ જીવને સંસ્કાર પડ્યા હોય તો કાંઈ ખબર પડે આપણને? કોઈ જીવને સંસ્કાર પડ્યા હોય તો કાંઈ ખબર પડે? ઈ જીવને ખબર ન પડે તો તમને અને મને કેવી રીતે ખબર પડે?

જ્ઞાનીનો આત્માનું નિરૂપણ ને સ્વરૂપનો ઉપદેશ ચાલતો હોય, કયો જીવ શું કામ કરે છે શું ખબર પડે? એટલે ઈ તો મધ્યસ્થ રહેવું. જ્યારે કોઈ મહાપુરુષને વ્યક્તિગત એવી કરુણા આવે ત્યારે કોઈ ગર્ભિત યોગ્યતા હોય પણ ખરી એવા જીવની. વર્તમાનમાં આપણને એમ લાગે કે એને કાંઈ હજી ઠેકાણું નથી. પણ એને શું ઠેકાણું થયું એ કાંઈ છદ્મસ્થનો બધો વિષય નથી અને ખરેખર તો આ જીવે કોઈની તો ચિંતા કરવા જેવી નથી. કામ તો પોતાનું કરવાનું છે. દુનિયામાં તો અનેક પ્રકારે પરિણામની યોગ્યતાવાળા જીવો હોય છે અને પરિણમે છે. હોય, તેથી શું? તેથી પોતાને તો કાંઈ લાભ–નુકસાન છે નહિ.

## પ્રકાશન કાર્ય ગતિવિધિ

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર થયેલા પ્રવચનોને કમ્પ્યુટરમાં ફિડ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની જન્મજયંતિ પ્રસંગે આત્માવલોકન ગ્રંથ ઉપરના પ્રવચનોના બે ભાગ, તથા ચિદ્‌વિલાસ ઉપરના પ્રવચનોનો એક ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. તત્‌પશ્ચાત્ રાજ હૃદય ભાગ—૩ અને ૪ (હિન્દી), પૂજ્ય ભાઈશ્રીની જન્મ જયંતિ પ્રસંગે પ્રકાશિત કરવાની ભાવના છે. સંભવતઃ પરમાગમસાર ઉપરના પ્રવચનોના પણ બે ભાગ સમયનાકુળ પ્રકાશિત થવાની શક્યતા છે.

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જૂન-૨૦૧૯)નું શુલ્ક ડૉક્ટર મહેશભાઈ મહેતા, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૪૦)

કલકત્તા,
૪-૭-૬૩

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી.... શુદ્ધાત્મસત્કાર.**

આપના દહેગામ અને દિલ્હી બંને સ્થળેથી લખેલા પત્રો મળ્યા. હું લગભગ એક મહિનાથી બહાર હતો. પંદર દિવસ લગભગ મુંબઈમાં પણ રહેવાનું થયું. પુણ્યયોગના અભાવથી, 'મહારાજ સાહેબ'નો સોનગઢ પાછા ફરવાનો પ્રોગ્રામ લંબાવાથી, સોનગઢ જવા વિચારેલું તે મારો પ્રોગ્રામ બંધ રહ્યો. આપ દરેક પત્રની સાથે સરનામાવાળું ખાલી કવર મોકલો છો પણ હવેથી એ રીતે ન મોકલતા. સરનામું મેં નોંધી લીધું છે.

લખવાનો વિકલ્પ ઓછો હોવાથી જવાબ આપવામાં ઢીલ થાય છે પરંતુ લખવું, વિકલ્પ થવો એ ક્રિયાઓ તો મુમુક્ષુઓને હેયબુદ્ધિથી સદા સહજ ગૌણ જ રહે છે. આચાર્યોએ આ ક્રિયાઓને તો ઉન્મત્તોની કહી છે. પત્રો ખૂબ વિનયભર્યા આવે છે. વિનયભાવોનું એકાંત વેદન ન હોવું જોઈએ. સહજ સામર્થ્યમાં ફેલાવાથી સ્વરૂપના બલથી સહજ જ પરિણામોમાં ઘસડાઈ નહીં જવાય, તે પરિણામોનું વેદન જ્ઞાયકભાવની મુખ્યતામાં હેયબુદ્ધિએ ગૌણ (ક્ષણે ક્ષણે) થતું જશે. પરાશ્રિત વિનયભાવ દુઃખભાવ છે તે ઉપાદેય કેવી રીતે બની શકે?

દ્વાદશાંગનો સાર તો 'શ્રી ગુરુદેવે' બતાવ્યો છે કે વર્તમાનમાં જ મૂળ, કાયમી, ત્રિકાળી, ધ્રુવસ્વભાવ, પરિણામોનું વિશ્રામધામ હું છું. આ સ્થાનમાં દષ્ટિ ફેલાવીને, સ્વયં વ્યાપક બનીને પરિણામોની પકડને છોડી દો. તેને સહજ જ પરિણમવા દો, તેમાં રોકાવ નહિ. પરિણમનસ્વભાવના સમયે જ અપરિણામી સ્વભાવ પણ સાથે ને સાથે જ હોય છે. આ અપરિણામી સ્વભાવને સદા પકડી રાખો, એમાં સ્થિર થાઓ, એના વિના આરો નથી. પત્રાદિનો આધાર, શાસ્ત્રાધાર, અરે! પ્રત્યક્ષ તીર્થંકરની આશ્રયબુદ્ધિ પણ સ્વયં વર્તમાન સામર્થ્યનો અનાદર કરનારી છે, એમ કહીને જ પરમ કૃપાળુ 'ગુરુદેવ' વર્તમાનથી જ, તેના પરની દષ્ટિ હઠાવી લઈ, વર્તમાન પરિણામ પરથી હઠાવીને, ઘટવધ વિનાના ત્રિકાલી સદશ સામાન્ય સ્વરૂપમાં પોતાનો અડ્ડો જમાવી દઈને, નિશ્ચલ રહેવાનું કહ્યું છે. તેમના આવા સિંહનાદરૂપી ઉપદેશને પામીને પણ દીનતા શા માટે? વર્તમાનમાં જ પોતાના સિંહસ્વભાવને—અનંત શક્તિઓના ધામને સંભાળો, દીન વિકલ્પો નિરાશ્રય બનીને તૂટવા લાગશે, જડ કર્મો વીખરવા લાગશે, સુખશાંતિનું પ્રત્યક્ષ વેદન ક્ષણે ક્ષણે વધતું જશે.

મુંબઈમાં નાગરભાઈ વગેરે મુમુક્ષુઓને પણ મળવાનું થયું હતું. આપનો ઉલ્લેખ પણ તેમાં થયો હતો.

નિરંતર અવિચ્છિન્ન ધારાએ સ્વરૂપ-સુખમાં મગ્ન રહો. તેમાંથી ચ્યુત કરનારા વિકલ્પો, વિશેષવિશેષ મગ્નતા થતાંથતાં, ઢીલા પડતા-પડતા ક્ષય પામી જશે. એવો જ 'શ્રી ગુરુદેવ'નો અલૌકિક ઉપદેશ જયવંત વર્તો.

ધર્મસ્નેહી
**નિહાલચંદ્ર સોગાની**

(૪૧)

**કલકત્તા**
**૧૪-૭-૬૩**

**શ્રી સદ્ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી.... શુદ્ધાત્મસત્કાર.**

ગયા મહિને આપનો પત્ર આવ્યો હતો તે મને મુંબઈમાં અહીંથી Redirect થઈને મળ્યો હતો. તે પહેલાં લગભગ જાન્યુઆરીમાં પત્ર આવ્યો હતો.

તત્ત્વદષ્ટિએ સ્વભાવ-બળમાં જામી જતાં જ આવવું-જવું કે નહિ આવવું-જવું તે ભિન્ન પડેલા જ્ઞાનમાં સહજ જ મોહભાવ પ્રતિભાસે છે. આ મોહભાવ ત્રિકાલમાં પૌદ્ગલિક જ છે, તો એની પકડ શા માટે? એ આપણા છે જ નહીં એવો એનાથી ભિન્ન અનુભવ માત્ર આપણું લક્ષ્ય હોવું જોઈએ.

'ભેદજ્ઞાનસે ભ્રમ ગયો, નહિં રહી કુછ આસ।
ધર્મદાસ ક્ષુલ્લક કહે, તોડ મોહ કી ફાંસ।।'
(ભેદજ્ઞાનથી ભ્રમ ગયો, ન રહી કંઈ આશ;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, તોડ મોહની ફાંસ.)

પૂજ્ય 'શ્રી ગુરુદેવ'ના ઉપદેશનો સાર અને દ્વાદશાંગનો સાર તો કેવળ એક જ છે કે, પોતાના ત્રિકાલી સ્વભાવમાં ગમે તે પ્રકારે દષ્ટિને પ્રસારીને ઠરી જાઓ. ક્ષણે-ક્ષણે અને પદે-પદે વીતરાગી જ્ઞાયકરસમાં એવી મગ્નતા વધી જશે કે જેનો વિચ્છેદ એક ક્ષણ પણ નહિ ગમે.

યોગ નહિ હોવાથી 'મહારાજ સાહેબ'નો સોનગઢ પાછા ફરવાનો પ્રોગ્રામ લંબાઈ જવાથી, મુંબઈથી સોનગઢ આવવાનો મારો પ્રોગ્રામ બદલાઈ ગયો છે. પુણ્યયોગ મળતાં દશેરાની આસપાસ આવવાનો વિકલ્પ છે. આપ હંમેશની માફક પૂજ્ય 'ગુરુદેવ'ની અમૃતવાણીનો લાભ લેતા હશો; જેનો સાર, તેમના તરફથી દષ્ટિ ઉઠાવી લઈ, પલટીને પોતાની અમર્યાદિત અમૃતખાણમાં વ્યાપ્ત કરવાનો છે. શેષ રૂબરૂમાં

સર્વ સંગથી અસંગ થવાનો ઇચ્છુક
**નિહાલચંદ્ર**

**પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા**
**મંગલ વાણી-સીડી-૨ B**



પ્રશ્ન :- .. આપ જરા સમજાવશો. અથવા તો સર્વથા પરને જોતો નથી એમ કહીએ તો બરાબર છે?

ઉત્તર :- છઠ્ઠી ગાથામાં ક્યાં એવું આવે છે? પરને જોતો નથી.

પ્રશ્ન :- ગુરુદેવના પ્રવચનમાં એવું આવે છે. પરને જોતો નથી.

ઉત્તર :- બીજી ગાથામાં પ્રવચનમાં આવે છે.

પ્રશ્ન :- ગુરુદેવની કેસેટ છે ને એમાં એક વાક્ય આવે છે કે પરને જોતો નથી. બીજી ગાથામાં તો અમૃતચંદ્રાચાર્યની ટીકા છે એમાં લખે છે કે પરને જોતો નથી એમ માનીશ તો એ મિથ્યાત્વ થશે તને.

ઉત્તર :- એ અપેક્ષાએ છે બધું. પરને જોતો નથી એટલે કે પરમાં એકત્વ થાતો નથી. એમ. પરને નથી જોતો એટલે કે પોતાનો જે જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે છે. પરમાં એકત્વ થાતો નથી એટલે કે એ પરને નથી જોતો પણ પોતાનું જ્ઞાન પરિણમે છે. એમ કહેવાનું છે. અને પરને નથી જોતો... તો જ્ઞાનસ્વભાવ પોતાનો જ છે. જ્ઞાન બધાને જાણે છે. જ્ઞાન કાંઈ એવું નથી કે પરને ન જાણે. જ્ઞાન તો લોકાલોકને જાણે છે. માટે જ્ઞાન જાણતું નથી એમ કોઈ માને તો છ દ્રવ્ય જગતમાં છે, દ્રવ્ય-ગુણ-પર્યાય બીજા અનંતા દ્રવ્યો છે એ બધાને જ્ઞાન તો જાણે છે. માટે નથી જાણતો એમ સર્વથા માને તો તો મિથ્યાત્વ છે. જ્ઞાનનો સ્વભાવ છે જાણવાનો. નથી જાણતો એટલે પરમાં એકત્વ થાતું નથી. પોતે જ્ઞાનરૂપે જ રહે છે. જ્ઞાનનો સ્વભાવ છે જાણવાનો માટે સહજ જાણે છે. પરને નથી જાણતું. જ્ઞાન પોતે જ્ઞાનરૂપે સહજ સ્વભાવે પરિણમે છે. તે જ્ઞાન જ્ઞાનને જાણે છે એમ કહેવું છે. એટલે કે જ્ઞાન પછી જ્ઞેયને જાણતું જ નથી એવો એનો અર્થ નથી. એની અપેક્ષા સમજવી જોઈએ.

પ્રશ્ન :- એટલે કઈ અપેક્ષાએ ત્યાં કહેવા માગે છે છઠ્ઠી ગાથામાં કે પરને જાણતો નથી? તો અપેક્ષા કઈ છે ત્યાં?

ઉત્તર :- એની અપેક્ષા એમ કે જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે, જ્ઞાન જ્ઞાનને જાણે છે. પર જ્ઞેય કાંઈ એનામાં નથી આવતું. જ્ઞાન એમાં એકત્વબુદ્ધિ થઈને, એમાં પેસીને, એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં

પેસીને જ્ઞાન નથી જાણતું. જ્ઞાન જુદું રહીને જાણે છે, જ્ઞાન જ્ઞાનમાં રહીને જાણે છે. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમીને જાણે છે. એમ. એટલે એ બીજા જ્ઞેયમાં એકત્વ થઈને, એમાં પેસીને એમ નથી જાણતું. જ્ઞાન પોતે જ્ઞાનનો સ્વભાવ જ છે કે પોતે પોતાને અને બીજાને જાણે એટલે કે જ્ઞાન જ્ઞાનને જાણે છે એવો એનો અર્થ છે. એટલે કે સર્વથા જ્ઞેયને જાણતો જ નથી એવો એનો અર્થ નથી. સર્વથા નથી જાણતો એવો એનો અર્થ નથી.

પ્રશ્ન :- રાગ જીવની પર્યાયમાં થાય છે. અને સમયસારમાં રાગને પુદ્‌ગલ કહે છે. જીવમાં ચેતનગુણ છે અને અચેતનગુણ નથી તો રાગને અજીવ ક્યે હિસાબે કહે છે?

ઉત્તર :- રાગ છે પોતાનો સ્વભાવ નથી. પોતાનો વીતરાગ સ્વભાવ છે. કાંઈ રાગ એનો સ્વભાવ નથી. પરના નિમિત્તે થાય માટે એ રાગને અજીવ કીધો. એમ. પણ પોતાની પર્યાયમાં થાય છે માટે એને ચેતન કીધો. એ ચૈતન્યની પર્યાયમાં થાય છે. પોતાના પુરુષર્થની મંદતાએ થાય છે માટે એ જીવની વિભાવી પર્યાય છે. પણ એ પોતાનો સ્વભાવ નથી. કર્મના નિમિત્તે થાય છે માટે એને અજીવ કીધો.

એની બેય અપેક્ષા સમજવી જોઈએ. અજીવ એટલે કાંઈ અજીવ જ નથી. તો રાગ ક્યાં થાય છે? રાગ કાંઈ અજીવ કરે છે થોડી? રાગ પોતાની પર્યાયમાં થાય છે. પણ પોતાની પર્યાયમાં થાય પણ એ વિભાવ છે, પોતાનો સ્વભાવ નથી. સ્વભાવ નથી માટે એને અજીવ કીધો. એમ. તું તારા દ્રવ્યસ્વભાવને જો તો એમાં કાંઈ રાગ નથી. માટે આ રાગ ક્યાંથી આવ્યો? કે કર્મના નિમિત્તે થયો માટે રાગ કર્મ તરફનો છે. માટે એ અપેક્ષાએ ઈ અજીવ છે એમ કહ્યું. રાગ કાંઈ જાણતો નથી. જાણનાર તો આત્મા છે. કર્મના નિમિત્તે થાય છે માટે તે અજીવ છે. એમ અપેક્ષાએ અજીવ કીધું છે.

ઓલું અપેક્ષાએ પરને નથી જાણતો એમ કીધું છે. એકત્વબુદ્ધિ કરીને નથી જાણતો. એમ. એમાં રાગની એકત્વબુદ્ધિ કરે માટે એ કાંઈ જ્ઞેયમાં જાતો નથી. જુદો રહીને જાણે છે. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમીને જાણે છે. એની અપેક્ષા સમજવી જોઈએ. સર્વથા નહિ સમજી લેવાનું. કઈ અપેક્ષાએ કીધું છે? રાગને સર્વથા અજીવ કહો તો કરવાનું શું રહ્યું? કાંઈ રહ્યું નહિ. મોક્ષમાર્ગ, પુરુષાર્થ કરું, મોક્ષમાર્ગ પ્રગટ કરું, દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રય પ્રગટ કરવા, રાગ છોડીને વીતરાગસ્વભાવ પ્રગટ કરવો. રાગ અજીવ જ હોય તો કરવાનું શું રહ્યું? તો તો પોતાને વીતરાગતાનું વેદન થાવું જોઈએ. વીતરાગતાનું વેદન તો થાતું નથી. કાંઈ વીતરાગ તો થઈ ગયો નથી. એનું વેદન ક્યાં થાય છે? રાગ પોતાનો સ્વભાવ નથી. એનાથી જુદો પડ. તારો જ્ઞાયકસ્વભાવ છે એમ કહેવું છે.

તું તારા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કર. આત્માનો સ્વભાવ જુદો છે. તું જ્ઞાયક છો. અને આ રાગ તારો સ્વભાવ નથી એમ જુદો પડ. બાકી રાગની પર્યાય જ ન હોય તો તો હોય જ

નહિ. તો તો વીતરાગદશાનું વેદન થાવું જોઈએ. સર્વથા અજીવ અને જડ હોય તો.

સર્વથા પરને જાણતો જ ન હોય, જ્ઞાન જાણે જ નહિ તો તો લોકાલોકનું જ્ઞાન જ ન થાય. તો તો સર્વજ્ઞસ્વભાવ કેવળજ્ઞાન જે લોકાલોકને જાણે છે એ જાણે જ નહિ. જાણે જ નહિ. પોતાને જ જાણે. તો આ બધા જે ભગવાનની વાણીમાં જે આવે છે કે આ જગત ઉપર છ દ્રવ્ય છે, નવ તત્ત્વ અને આ બધી વાત આવે છે. અનંત દ્રવ્યો છે. જીવ અનંતા, પુદ્‌ગલ અનંતા, સ્વર્ગ, નરક બધી વાતો અનેક જાતની આવે છે. એ બધું ભગવાનની વાણીમાં આવે છે. એ જ્ઞાન જ કાંઈ ન થાય તો તો. પરને જાણતો ન હોય તો કેવળજ્ઞાન જ ન હોય, સર્વજ્ઞતા જ ન હોય. કાંઈ હોય જ નહિ. સર્વથા ન જાણે તો.

કેવળજ્ઞાન ન હોય. પોતે પોતાને જાણે. બીજા દ્રવ્યને કોઈ જાણે જ નહિ. જગત ઉપર સૂક્ષ્મ પરમાણુ છે. એ બધા એના દ્રવ્ય-ગુણ-પર્યાયની સૂક્ષ્મતા ભગવાન પ્રત્યક્ષ જાણે છે. ગયા કાળની વાત, વર્તમાનની, ભવિષ્યની વાત એ બધી કોઈ જાણે જ નહિ તો તો, જો જ્ઞેયને જાણતો ન હોય તો. કોઈ પૂર્વની વાત જાણે નહિ. કોઈ કાંઈ જાણે જ નહિ. સર્વથા જાણતો ન હોય તો. *(તત્ત્વ ચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં...)*

---

*(પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન...)*

એમાં? ઈ છેને? '**विशदमुदासीनमात्मरूपं**' છે ને? ઈ. શું કહે છે? પાપનો ત્યાગ કરીને શુભમાં વર્તવું એ તો વ્યવહારચારિત્ર છે, પણ પુણ્ય-પાપના વિકલ્પ છોડીને, કષાયરહિત થઈને આત્માના અંતરમાં અનુભવરૂપ ચારિત્ર, આત્માના આનંદના અનુભવનું ચારિત્ર તે નિશ્ચયચારિત્ર (છે). સમજાણું કાંઈ?

'**હિંસા, અસત્ય, ચોરી, કુશીલ, પરિગ્રહ આ પાંચ પાપોથી પૂર્ણ વિરક્ત થવું તે સાધુનું વ્યવહાર ચારિત્ર છે અને ઉપર્યુક્ત પાંચ પાપોથી એકદેશ વિરક્ત થવું તે શ્રાવકનું વ્યવહાર ચારિત્ર છે.**' વ્યવહાર ચારિત્ર છે, એટલો ખુલાસો આ પણ કરે છે, ઓલાને નથી બેસતું.

## પુનઃ પ્રકાશન તથા નવીન પ્રકાશન

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત ચિંતન કણિકાઓનું પુસ્તક 'અનુભવ સંજીવની' ગુજરાતીમાં તથા 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' (ગુજરાતી તથા હિન્દી) પુનઃ પ્રકાશન થઈને આવી ગયેલ છે. જેની મુમુક્ષુભાઈઓએ નોંધ લેવા વિનંતી.

શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના શબ્દશઃ સળંગ પ્રવચનો રાજ હૃદય ભાગ—૧ તથા ભાગ—૨ (હિન્દી) પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની જન્મ જયંતિ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવ્યા છે. જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનેનો સ્વાધ્યાય અર્થે આ પુસ્તક મંગાવવા હોય તેઓએ નીચેના મોબાઈલ ઉપર વોટ્સ અપ કરવા વિનંતી. અતીન જૈન—૯૩૬૮૬૮૩૯૯૧

*(પૃષ્ઠ સંખ્યા--૨થી આગળ...)*

પત્રાંક--૧૯૮

મુંબઈ, માહ સુદ ૧૧, ગુરુ, ૧૯૪૭

**સત્‌ને અભેદભાવે નમોનમઃ**

પત્ર આજે મળ્યું. અત્ર આનંદ છે (વૃત્તિરૂપ). કેવા પ્રકારથી હમણાં કાળક્ષેપ થાય છે તે લખશો.

બીજી બધી પ્રવૃત્તિ કરતાં જીવને યોગ્યપણું પ્રાપ્ત થાય તેવી વિચારણા કરવી યોગ્ય છે; અને તેનું મુખ્ય સાધન સર્વ પ્રકારના કામભોગથી વૈરાગ્યસમેત સત્સંગ છે.

સત્સંગ (સમવયી પુરુષોનો, સમગુણી પુરુષોનો યોગ)માં, સત્‌નો જેને સાક્ષાત્કાર છે એવા પુરુષનાં વચનોનું પરિચર્યન કરવું કે જેમાંથી કાળે કરીને સત્‌ની પ્રાપ્તિ થાય છે.

કોઈ પણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે, સત્ સમજાય છે, સત્‌નો માર્ગ મળે છે, સત્ પર લક્ષ આવે છે. સજીવનમૂર્તિના લક્ષ વગર જે કંઈ પણ કરવામાં આવે છે, તે જીવને બંધન છે; આ અમારું હૃદય છે.

આ કાળ સુલભબોધીપણું પ્રાપ્ત થવામાં વિઘ્નભૂત છે. કંઈક (બીજા કાળ કરતાં બહુ) હજુ તેનું વિષમપણું ઓછું છે; તેવા સમયમાં વક્રપણું, જડપણું જેનાથી પ્રાપ્ત થાય છે એવા માયિક વ્યવહારમાં ઉદાસીન થવું શ્રેયસ્કર છે. ..... સત્‌નો માર્ગ કોઈ સ્થળે દેખાતો નથી.

તમને બધાને હમણાં જે કંઈ જૈનનાં પુસ્તકો વાંચવાનો પરિચય રહેતો હોય, તેમાંથી જગતનું વિશેષ વર્ણન કર્યું હોય તેવો ભાગ વાંચવાનો લક્ષ ઓછો કરજો; અને જીવે શું નથી કર્યું ? ને હવે શું કરવું ? એ ભાગ વાંચવાનો, વિચારવાનો વિશેષ લક્ષ રાખજો.

કોઈ પણ બીજાઓ, ધર્મક્રિયાને નામે જે તમારા સહવાસીઓ (શ્રાવકાદિક) ક્રિયા કરતા હોય તેને નિષેધશો નહિ. હાલ જેણે ઉપાધિરૂપ ઇચ્છા અંગીકાર કરી છે, તે પુરુષને કોઈ પણ પ્રકારે પ્રગટ કરશો નહિ. માત્ર કોઈ દ્ઢ જિજ્ઞાસુ હોય તો તેનો લક્ષ માર્ગ ભણી વળે એવી થોડા શબ્દોમાં ધર્મકથા કરશો (તે પણ જો તે ઇચ્છા રાખતા હોય તો). બાકી હાલ તો તમે સર્વ પોતપોતાના સફળપણા અર્થે મિથ્યા ધર્મવાસનાઓનો, વિષયાદિકની પ્રિયતાનો, પ્રતિબંધનો ત્યાગ કરતાં શીખજો. જે કંઈ પ્રિય કરવા જેવું છે, તે જીવે જાણ્યું નથી; અને બાકીનું કંઈ પ્રિય કરવા જેવું નથી; આ અમારો નિશ્ચય છે.

આ વાત તમે જે વાંચો તે સુજ્ઞ મગનલાલ અને છોટાલાલને કોઈ પણ પ્રકારે સંભળાવજો વંચાવજો.

યોગ્યતા માટે બ્રહ્મચર્ય એ મોટું સાધન છે. અસત્સંગ એ મોટું વિઘ્ન છે.